# સુમુલમાં 5 બેઠક પર ભાજપ બિનહરીફ

**સંદીપ** દેસાઈ, રાજુ પાઠક, ભરત સિંહ સોલંકી,બળવંત પટેલ અને અજીત પટેલ સામે કોઈ ઉમેદવાર મળ્યો નહીં

**16માંથી** 5 બેઠક બિનહરીફ થતા વધુ 3 બિનહરીફ કરાવવા ભાજપના પ્રયાસ

**કોંગ્રેસે** ત્રણ બેઠકોના ઉમેદવારો અને ટેકેદારો શિફ્ટ કર્યા



સુરતઃ સુમુલ ડેરીના બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણીમાં ભાજપે પ્રથમ તબક્કામાં જ મેદાન માર્યું છે. સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદ ચૌધરી સુરત જિલ્લાની 9 બેઠકો માટે સબળ ઉમેદવારો નહીં શોધી શકતા 5 બેઠકો પર ભાજપના 5 ઉમેદવાર બિનહરીફ ચૂંટાશે. 27 જૂને ફોર્મ ચકાસણીના દિવસે તેઓને સત્તાવાર બિનહરીફ ઘોષિત કરવામાં આવી શકે છે.

ચોર્યાસી,માંગરોળ,બારડોલી,પલસાણા,કામરેજ બેઠકો પર કોંગ્રેસ અને ભાજપના બળવાખોર આગેવાનોના જૂથ એવા પશુપાલક મેન્ડેટ સહકાર પેનલને ઉમેદવારો નહીં મળતા આ 5 બેઠક બિનહરીફ થવા જઈ રહી છે. ચોર્યાસી બેઠક પર ધારાસભ્ય સંદીપ દેસાઈ અને આદિવાસી અને મુસ્લિમ બહુલ મતદારોની બેઠક હોવા છતાં મતદારોએ ઉજળિયાત સમાજમાંથી આવતા રાજેશ ઉર્ફે રાજુભાઈ પાઠક પર પસંદગીનો કળશ ઢોળતા તેઓ બિનહરીફ હરીફ ચૂંટાઈ આવ્યા છે. કામરેજ હેઠળ પર વર્તમાન ડિરેક્ટર બળવંત પટેલ,પલસાણા બેઠક પર ભરતસિંહ ગુમાનસિંહ સોલંકી, અને બારડોલી બેઠક પર અજીત જગુભાઈ પટેલ બિનહરીફ ચૂંટાઈ આવશે.

સુમુલ ડેરીમાં વર્ષો સુધી રાજ કરનાર વિપક્ષ કોંગ્રેસને સંદીપ દેસાઈ (ચોર્યાસી), રાજુ પાઠક(માંગરોળ), ભરતસિંહ સોલંકી(પલસાણા),બળવંત પટેલ(કામરેજ) અને અજીત પટેલ (બારડોલી) બેઠક માટે કોઈ સબળ ઉમેદવાર નહીં મળતા આ બેઠકો બિનહરીફ જાહેર થશે.

16 માંથી 5 બેઠકો બિનહરીફ થયા પછી સંદીપ દેસાઈ અને રાજુ પાઠકની બેલડી વધુ ત્રણ બેઠકો બિનહરીફ કરી મતદાન પેહલા જ ભાજપની બહુમતી સાબિત કરવા પ્રયાસ કરી રહી છે. સુરત સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે, ઉમેદવારી પરત ખેંચવાની તારીખ 29 જૂનથી 4 જુલાઈ છે,એ દરમિયાન વધુ ત્રણેક બેઠકો બિનહરીફ થઈ શકે છે. કુકરમુંડા,ડોલવણ અને ઉમરપાડા બેઠકના ઉમેદવારો પર ભાજપની નજર હોવાથી કોંગ્રેસે પોતાના ત્રણ ઉમેદવારો, ટેકેદારો અને દરખાસ્ત મુકનાર સાથે શિફ્ટ કરવાની ફરજ પડી છે.

## 7 બેઠક પર ભાજપના બળવાખોર પશુપાલક મેન્ડેટ સહકાર પેનલના નામે મેદાનમાં

2020ની ચૂંટણીમાં પાંચ વર્ષ પહેલાં મહુવા બેઠક પર ભાજપના સત્તાવાર ઉમેદવાર માનસિંહ પટેલ સામે બળવો કરીને ચૂંટણી લડનાર જીગર નાયકને આ વખતે મહુવા બેઠક પરથી ભાજપે મેન્ડેટ આપ્યું છે. તેવી જ રીતે વાલોડ બેઠક પર નરેશ પટેલ સામે બળવો કરનાર રાજકુમાર આહિરને પણ પક્ષે ઉમેદવાર બનાવ્યો છે. જેનાથી નારાજ થયેલા નરેશ પટેલે પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે. જાણકારો કહે છે કે,નરેશ પટેલ સાથે કમિટેડ મતદારો હોવાથી તેઓને વાલોડ બેઠક પર હરાવવું મુશ્કેલ છે. વ્યારા બેઠક પર 2020માં ભાજપના સત્તાવાર ઉમેદવાર તરીકે પ્રવીણ ગામિતને મેન્ડેટ મળ્યું હતું, પરંતુ તેમની સામે બળવો કરનાર ઉમેદવારને જ આ વખતે પક્ષે સત્તાવાર ઉમેદવાર બનાવતા પ્રવીણ ગામિતે નારાજગી વ્યક્ત કરી પોતાની ઉમેદવારી નોંધાવી છે.ભાજપમાંથી સસ્પેન્ડ થયેલા અન્ય એક ઉમેદવારને પણ પાર્ટીએ મેન્ડેટ આપતા આ નિર્ણયથી વર્ષો સુધી પક્ષ માટે કામ કરનારા નેતાઓમાં નારાજગી ફેલાઈ છે.ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે ઓલપાડ બેઠક પરથી વસંત પટેલ, મહુવા બેઠક પરથી માનસિંહ પટેલના ખાસ ધનંજય પટેલ,વ્યારા બેઠક પરથી પ્રવીણ ગામિત,ડોલવણ બેઠક પરથી વિજય માવજી ચૌધરી, નિઝર બેઠક પર દિલીપ રઘુનાથ પાટીલ અને કુકરમુંડા બેઠક પરથી મણિલાલ પટેલે બળવો પોકારી પશુપાલક મેન્ડેટ સહકાર પેનલમાંથી ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે.

## સુમુલની 16 બેઠકનાં સમીકરણ

(1) ચોર્યાસીઃ ભાજપના સત્તાવાર ઉમેદવાર સંદીપ દેસાઈ બિનહરીફ

(2) માંગરોળ:ભાજપના સત્તાવાર ઉમેદવાર રાજુભાઈ પાઠક બિનહરીફ

(3) પલસાણા :ભાજપના સત્તાવાર ઉમેદવાર ભરતસિંહ સોલંકી બિનહરીફ

(4) કામરેજઃ ભાજપના સત્તાવાર ઉમેદવાર બળવંત પટેલ બિનહરીફ

(5) બારડોલી:ભાજપના સત્તાવાર ઉમેદવાર અજીત પટેલ બિનહરીફ

(6) ઓલપાડઃ ભાજપના સત્તાવાર ઉમેદવાર ધનસુખ પટેલ સામે જયેશ પટેલ સમર્થક બળવાખોર ઉમેદવાર વસંત પટેલ ચૂંટણી લડશે.

(7) મહુવા : ભાજપના સત્તાવાર ઉમેદવાર જીગર નાયક સામે માનસિંહ પટેલ સમર્થક ધનંજય પટેલે બળવો કરી ઉમેદવારી નોંધાવી,ગત ચૂંટણીમાં સારો દેખાવ કરનાર કોંગ્રેસના ઉમેદવાર દિનેશ ખંડુ પટેલ અને અપક્ષ ગુણવંત વહિયા પણ મેદાનમાં છે.

(8) વ્યારાઃ ભાજપના સત્તાવાર ઉમેદવાર હસમુખ ગામિત સામે બળવાખોર પ્રવીણ ગામીતે ઉમેદવારી નોંધાવી છે.કોંગ્રેસના આ બેઠકના સીટિંગ ડિરેક્ટર સિદ્ધાર્થ ચૌધરી ફરી મેદાનમાં છે.એ ઉપરાંત અપક્ષ પુનાભાઈ ગામિત પણ મેદાનમાં છે.

(9)ડોલવણ : ભાજપના સત્તાવાર ઉમેદવાર શૈલેષ પટેલ સામે ભાજપના બળવાખોર વિજય માવજી ચૌધરી પણ મેદાનમાં છે.કોંગ્રેસે અહીં યગ્નેશ નટુભાઈ ગામીતને ઉમેદવાર બનાવ્યા છે.

(10) નિઝરઃ કોંગ્રેસના સિટિંગ ડિરેક્ટર ભરત સુદામ પટેલ ફરી ચૂંટણી લડી રહ્યાં છે.ભાજપે અહીં યોગેશ રાજપૂતને સત્તાવાર ઉમેદવાર બનાવ્યા છે તેઓ સામે ભાજપના બળવાખોર દિલીપ રઘુનાથ પાટીલ પણ મેદાને પડ્યા છે.

(11) કૂકરમુંડા : ભાજપના સીટીંગ ડિરેક્ટર સંજય સૂર્યવંશી સામે ભાજપના બળવાખોર મણિલાલ પુનાભાઇ પટેલે ઉમેદવારી કરી છે.અહીં કોંગ્રેસ તરફે ઇન્દ્રસિંગ આતરિયાભાઈ વસાવા એ ઉમેદવારી કરી છે.

(12) ઉચ્છલઃ કોંગ્રેસના સીટિંગ ડિરેક્ટર સુનિલ રતનજી ગામિત ફરી ચૂંટણી લડી રહ્યાં છે.તેમની સામે કોંગ્રેસના સમીર દામજી વસાવા એ બળવો કર્યો છે.અહીં ભાજપે જાલમસિંહ વસાવાને મેદાને ઉતાર્યા છે.

(13) સોનગઢઃ ભાજપના સીટીંગ ડિરેક્ટર કાંતિભાઈ ગામિત ફરી મેદાને છે.અહીં કોંગ્રેસના દિનેશ નારણ ગામિત,આમ આદમી પાર્ટીના અરવિંદ ગામિત,અપક્ષ રાકેશ બાબુભાઈ ગામિત અને મકનજી ઉકડીયા ગામિત મેદાનમાં છે.

(14) ઉમરપાડા : ભાજપના સત્તાવાર ઉમેદવાર અમીષ મણિલાલ વસાવા સામે કોંગ્રેસના સોમજીભાઈ કોટિયાભાઈ વસાવા વચ્ચે સીધો જંગ છે.

(15) માંડવીઃ ભાજપના સીટિંગ ડિરેક્ટર રેસાભાઈ ચૌધરી સામે કોંગ્રેસના રાકેશ મંગાભાઈ ચૌધરી વચ્ચે સીધી ટક્કર છે.

(16) વાલોડઃ ભાજપના સત્તાવાર ઉમેદવાર રાજકુમાર આહિર સામે સૂડીકો બેંકના પૂર્વ ચેરમેન અને વર્તમાન ડિરેક્ટર એવા ભાજપના બળવાખોર ઉમેદવાર નરેશભાઈ ભીખાભાઈ પટેલ વચ્ચે સીધો જંગ છે. કોંગ્રેસે અહીં પોતાનો ઉમેદવાર ઉતાર્યો નથી.

## દર્શન નાયક અને તુષાર ચૌધરીએ માંડવી બિનહરીફ થતાં બચાવી

ફોર્મ જમા કરવાની મુદત પૂર્ણ થાય એની ત્રણ મિનિટ પેહલા કોંગ્રેસ ઉમેદવાર રાકેશ મંગાભાઈ ચૌધરી બપોરે 2.57 કલાકે ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં આવી જતા ચૂંટણી અધિકારીએ ફોર્મ સ્વીકાર્યું હતું. આ ઉમેદવાર ત્રણ મિનિટ મોડો આવ્યો હોત તો છઠ્ઠી માંડવીની બેઠક પણ બિનહરીફ થઈ ગઈ હોત. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આ બેઠકના મતદાર હોવા છતાં તેમણે ઉમેદવારી કરવાનું જોખમ ખેડ્યું ન હતું. તુષાર ચૌધરી અને દર્શન નાયકે અંતિમ ત્રણ મિનીટમાં કોંગ્રેસના ઉમેદવારને ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં મોકલી આપ્યા હતા.

ફોર્મ ભરવાના અંતિમ દિવસે સ્પષ્ટ થયેલા ચિત્ર મુજબ કોંગ્રેસના ઉમેદવારો તાપી જિલ્લાની 7 માંથી 7 અને સુરત જિલ્લાની 9 માંથી 4 બેઠકો પર ચૂંટણી લડશે.

# બાંદ્રા ટર્મિનસ-ઉધના સ્પેશિયલ ટ્રેન હવે નિયમિત દોડશે

**ઉધનાથી** મુંબઇ જતી ટ્રેનને ઉદવાડા, પારડી તથા અતુલના નવાં સ્ટોપેજ અપાયાં

સુરતઃ વેસ્ટર્ન રેલવે દ્વારા ટ્રેન સંખ્યા 09055/09056 બાંદ્રા ટર્મિનસ - ઉધના સ્પેશિયલ ટ્રેનને હવે કાયમી એટલે કે નિયમિત કરવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેન સેવા હવે સુધારેલા નવા ટ્રેન નંબર 19055/19056 બાંદ્રા ટર્મિનસ - ઉધના - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ તરીકે દોડશે, જેનાથી નિયમિત અપ-ડાઉન કરતા મુસાફરોને મોટી રાહત મળશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી અખબારી યાદી મુજબ, આ સ્પેશિયલ ટ્રેન 1 ઓગસ્ટ, 2026 થી નિયમિત એક્સપ્રેસ ટ્રેન તરીકે સેવામાં કાર્યરત થઈ જશે.

સમયપત્રક અનુસાર ટ્રેન નંબર 19055 બાંદ્રા ટર્મિનસ - ઉધના એક્સપ્રેસ દરરોજ સવારે 9:00 વાગ્યે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને તે જ દિવસે બપોરે 15:05 વાગ્યે ઉધના પહોંચશે.

વળતી દિશામાં ટ્રેન નંબર 19056 ઉધના - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ દરરોજ બપોરે 15:45 વાગ્યે ઉધનાથી ઉપડશે અને તે જ દિવસે રાત્રે 21:35 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં અંધેરી, બોરીવલી, વસઈ રોડ, વિરાર, વૈતરણ, સફાલે, કેલવે રોડ, પાલઘર, બોઈસર, વાનગાંવ, દહાણુ રોડ, ઘોલવડ, બોર્ડી રોડ, ઉમરગામ રોડ, સંજાણ, ભિલાડ, કરંબેલી, વાપી, વલસાડ, બીલીમોરા, વેડછા અને નવસારી સ્ટેશનો પર ઊભી રહેશે. આ ઉપરાંત ટ્રેન નંબર 19055ને ભાયંદર સ્ટેશન પર અને ટ્રેન નંબર 19056ને ઉદવાડા, પારડી તથા અતુલ સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે.

## માંગરોળના હત્યા કેસમાં ત્રણ આરોપીને આજીવન કેદ

**મરણ જનારને** નહેરમાં ફેંકી દીધા બાદ ફરી એજ સ્થળે આવી ભારે પથ્થરથી માથું છૂંદી નાંખ્યું હતું

સુરતઃ કોસંબા પોલીસ સ્ટેશની હદમાં માંગરોળ તાલુકાના મોલવણ ગામમાં વર્ષ ૨૦૨૧માં થયેલી હત્યા કેસમાં ત્રણ આરોપીને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. તા. 8 મે 2021ના રોજ મોલવણ ગામની સીમમાં મરણજનાર ગૌર ગોવિંદ બિશ્વાલનો પ્રેમશંકર સાથે ઝઘડો થયો હતો.

જેમાં આરોપીઓએ મરણજનાર પર હુમલો કરી ધક્કો મારી નહેરના ફાટામાં નાંખી દીધો હતો. બાદમાં ફરીથી આરોપીઓ સ્થળે જઈ ભારે પથ્થર વડે માથા અને ચહેરા પર હુમલો કરી હત્યા કરી હતી. મરણજનારની ઓળખ છુપાવવા માટે તેની પાસેનો મોબાઇલ ફોન અને પાકીટ પણ કાઢી રસ્તામાં ફેંકી દેવાયા હતા. આ કેસમાં આરોપી પંકજ ઉર્ફે છોટુ તેજ બહાદુર શુક્લા, પ્રેમશંકર ઉર્ફે માસ્ટર આલોપી પ્રસાદ યાદવ, રાજેશ ઉર્ફે બબલુ રામચંદ્ર યાદવની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસમાં સીસીટીવી ફૂટેજ, કોલ ડીટેઇલ રેકોર્ડ, એફએસએલ રિપોર્ટ તેમજ પોસ્ટમોર્ટમ રિપોર્ટ જેવા પુરાવાઓ રજૂ કરાયા હતા.તેમજ કુલ ૧૫ સાક્ષી તપાસવામાં આવ્યા હતા. આ કેસમા ફરિયાદ પક્ષ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે ત્રણેય આરોપીને આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

# ચોમાસાના મોડા આગમનથી ખેડૂતોની વાવણી ખોરવાઈ

**બીજી** વખત વાવણીની નોબત સર્જાય તો ખેડૂતો પર વધશે આર્થિક બોજ

સુરતઃ દક્ષિણ ગુજરાતના કૃષિ આધારિત અર્થતંત્ર માટે ચોમાસું જીવનદોરી સમાન માનવામાં આવે છે, પરંતુ ચાલુ વર્ષે વરસાદની અનિશ્ચિતતા અને મોડા આગમનને કારણે સુરત જિલ્લાના ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ડાંગર અને શેરડીના ઉત્પાદન માટે રાજ્યભરમાં આગવું સ્થાન ધરાવતા સુરત જિલ્લામાં વાવણીની પ્રક્રિયા ખોરવાતા માત્ર ખેડૂતો જ નહીં, પરંતુ સમગ્ર કૃષિ વ્યવસ્થા પર તેની અસર જોવા મળી શકે છે.

ઓલપાડ, બારડોલી, કામરેજ, મહુવા અને પલસાણા જેવા વિસ્તારોમાં સામાન્ય રીતે જૂનના મધ્ય સુધીમાં ડાંગરના ધરૂડિયા તૈયાર થઈ જતા હોય છે. પરંતુ આ વર્ષે પૂરતો વરસાદ ન થતાં જમીનમાં જરૂરી ભેજ ઉપલબ્ધ નથી.

પરિણામે અનેક ખેડૂતો વાવણી શરૂ કરી શક્યા નથી, જ્યારે કેટલાક ખેડૂતોએ પાણીના અન્ય સ્ત્રોતોના ભરોસે કરેલી શરૂઆતની વાવણી પણ ગરમી અને બફારાના કારણે અસરગ્રસ્ત થવા લાગી છે.

કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે તો ડાંગર અને શેરડી જેવા મુખ્ય પાકોની ઉત્પાદકતા પર સીધી અસર થશે.

ખાસ કરીને જુલાઈના પ્રથમ સપ્તાહ સુધી વાવણી પૂર્ણ નહીં થાય તો પાકની વૃદ્ધિનો સમયગાળો ઘટી જશે, જેના કારણે ઉત્પાદન ૩૦થી ૪૦ ટકા સુધી ઘટી શકે છે. વરસાદની ખેંચને કારણે ખેડૂતો સામે માત્ર પાક બચાવવાનો જ નહીં પરંતુ વધતા ખેતી ખર્ચનો પણ પડકાર ઉભો થયો છે. બિયારણ, ખાતર, ડીઝલ અને મજૂરીના વધતા ખર્ચ વચ્ચે જો ફરીથી વાવણી કરવાની ફરજ પડે તો ખેડૂતો પર આર્થિક બોજ નોંધપાત્ર રીતે વધી શકે છે. અનેક ખેડૂતો માટે આ સ્થિતિ દેવાના જોખમને પણ વધારી શકે છે.

કૃષિ ક્ષેત્રના જાણકારોના મતે મોડા ચોમાસાની અસર માત્ર ખરીફ પાક પૂરતી મર્યાદિત રહેવાની નથી. જો વરસાદ લાંબો સમય ખેંચાય તો ભૂગર્ભ જળસ્તર પર પણ અસર પડશે.

# પાવરગ્રીડની લાઈનના વિરોધમાં આજે ઓલપાડમાં ખેડૂતોની રેલી નીકળશે

**નાયબ** કલેક્ટર ઓલપાડ પ્રાંતને આવેદનપત્ર પાઠવી પાવરગ્રીડ કોર્પોરેશનની અન્યાયી કામગીરી સામે વિરોધ નોંધાવાશે

સુરત, સાયણઃ પાવરગ્રીડ કોર્પોરેશનની લાઇનના વિરોધમાં ખેડૂત સમાજ ગુજરાત દ્વારા આવતીકાલે ઓલપાડમાં ખેડૂતોની રેલી કાઢવામાં આવશે. રેલી પૂર્વે અસરગ્રસ્ત ખેડૂતોની સભા યોજાઈ હતી. આજે ખેડૂતો નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંતને આવેદનપત્ર પાઠવી પાવરગ્રીડ કોર્પોરેશનની અન્યાયી કામગીરી સામે વિરોધ નોંધાવાશે.

ઓલપાડ તાલુકાના એરથાણ ગામે ખેડૂત સભા યોજાઇ હતી. આ ખેડૂત સભા આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની દિશામાં એક મહત્વનું પગલું છે. દક્ષિણ ગુજરાતમાં વીજ લાઈનના નેટવર્કને કારણે ખેડૂતો સતત પોતાની જમીનો ગુમાવી રહ્યા છે, ત્યારે આ મીટિંગમાં લેવાયેલા નિર્ણયો અને રણનીતિ ખૂબ જ નિર્ણાયક સાબિત થશે. આ પ્રસંગે ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના કન્વીનર જયેશ પટેલે ખેડૂતોને કાનૂની જોગવાઈઓથી માહિતગાર કર્યા હતા.

તેમણે સ્પષ્ટ કર્યું કે ઓલપાડ ખાતે પાવરગ્રીડના સબસ્ટેશન માટેની જમીન સંપાદનની પ્રક્રિયા હજુ અધ્ધરતાલ (અધૂરી) છે. આમ છતાં, ખેતરોમાં ગેરકાયદેસર રીતે વીજ ટાવર ઊભા કરવાની પ્રક્રિયા થઈ રહી છે જે કાયદાકીય રીતે તદ્દન ખોટી છે.

જ્યારે સહકારી આગેવાન દર્શન નાયકે ઓલપાડ અને હાંસોટ તાલુકાના તમામ અસરગ્રસ્ત ખેડૂતોને પાવરગ્રીડની આ જોહુકમી સામે એક થઈને વ્યાપક વિરોધ નોંધાવવા માટે હાકલ કરી છે.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલે ચિંતા વ્યક્ત કરી કે ઓલપાડ તાલુકામાંથી અત્યારે જ 4 થી 5 મોટી વીજ લાઈનો પસાર થઈ રહી છે અને આગામી દિવસોમાં હજુ પણ વધુ લાઈનો નાખવાની યોજના છે. જો અત્યારે મક્કમતાથી લડત નહીં અપાય, તો ભવિષ્યમાં ખેડૂતો પાસે ખેતી લાયક જમીન જ નહીં બચે. તેમણે આગામી આંદોલનાત્મક કાર્યક્રમ અંગે જાહેરાત કરતા જણાવ્યું કે, પાવરગ્રીડ કોર્પોરેશનની કામગીરી અને અન્યાયી નીતિઓ સામે વિશાળ સંખ્યામાં એકત્રિત થઈને આવેદનપત્ર આપવામાં આવશે.

# કોસમાડામાં ડોલ્ફી ઈન્ડિયા કંપનીમાં BISનો દરોડો

**મોટી** માત્રામાં ISI માર્કા વગરનાં ઇલેક્ટ્રિક હેર ડ્રાયર, હેન્ડ ડ્રાયર અને ઇસ્ત્રીનો જથ્થો જપ્ત કરાયો

સુરતઃ BISના અધિકારીઓએ 23 જૂન, 2026ના રોજ કોસંબા સ્થિત મેસર્સ ડોલ્ફી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ખાતે દરોડાની કાર્યવાહી કરી હતી. કંપની દ્વારા ઈલેક્ટ્રિક હેર ડ્રાયર, ઈલેક્ટ્રિક હેન્ડ ડ્રાયર તથા ઈલેક્ટ્રિક ઈસ્ત્રી જેવાં ઉત્પાદનોનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવતું હતું. તપાસ દરમિયાન કંપની પાસેથી BIS લાઈસન્સ અને ISI માર્ક વિના તૈયાર કરાયેલાં ઉત્પાદનોનો જથ્થો મળી આવ્યો હતો, જેને અધિકારીઓએ જપ્ત કરી લીધો હતો.

BISના જણાવ્યા મુજબ ઈલેક્ટ્રિક હેર ડ્રાયર, હેન્ડ ડ્રાયર અને ઈલેક્ટ્રિક ઈસ્ત્રી જેવાં ઉત્પાદનો માટે ભારતીય ધોરણો મુજબ BISનું પ્રમાણપત્ર અને ISI માર્ક ફરજિયાત છે. લાઈસન્સ અને ISI માર્ક વિના આવાં ઉત્પાદનોનું ઉત્પાદન, સંગ્રહ અથવા વેચાણ કરવું કાયદેસર ગુનો ગણાય છે. કોઈપણ ઉત્પાદક અથવા વેપારી BIS નોંધણી અને ISI માર્ક વિના આ પ્રકારનાં ઉત્પાદનોનું ઉત્પાદન અથવા વેચાણ કરશે તો તેની સામે ભારતીય માનક બ્યુરો અધિનિયમ-2016 હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

## અનુસંધાન

... પાના છેલ્લાનું

### ગુજરાતમાં ચોમાસાની...

એન્ટ્રી છતાં રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે અને ગાંધીનગર તથા રાજકોટમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં ચોમાસું રાજ્યના વધુ વિસ્તારોમાં આગળ વધશે અને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદથી લઈને ભારે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. આજે દક્ષિણ ગુજરાતના સુરત વિસ્તાર સુધી ચોમાસું આગળ વધ્યું છે અને આગામી દિવસોમાં રાજ્યના વધુ વિસ્તારોમાં તેનો વ્યાપ વધશે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર બુધવારે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના 9 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ 3.35 ઈંચ વરસાદ સાગબારામાં નોંધાયો હતો. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 29 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો, જેમાં ઉમરગામમાં સૌથી વધુ 4.33 ઈંચ વરસાદ નોંધાયો હતો.

બીજી તરફ વરસાદી માહોલ વચ્ચે રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. ગાંધીનગર અને રાજકોટમાં 41 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ, ડીસા અને સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

### સુરત જિલ્લામાં...

વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ હળવા વરસાદી ઝાપટાં વરસ્યા હોવાનું નોંધાયું છે. શહેરમાં સતત વાદળછાયા વાતાવરણ હોવા છતાં મહત્તમ તાપમાનમાં આશરે એક ડિગ્રીનો વધારો નોંધાયો છે. મહત્તમ તાપમાન 33.8 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી વધીને 29 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ 77 ટકા નોંધાયું હતું, જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 10 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. ઊંચી ભેજ અને વાદળછાયા વાતાવરણને કારણે શહેરવાસીઓએ ગરમી સાથે ઉકળાટનો અનુભવ કર્યો હતો.

### આવતીકાલથી 1...

અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. જેના કારણે આગામી સપ્તાહ દરમિયાન રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ જામી રહેવાની શક્યતા છે.

### દક્ષિણ ગુજરાતમાં...

ગામની અંબિકા નદી બે કાંઠે વહેતી થઈ છે. નીચા પુલ પર પાણી ફરી વળતાં વાહન વ્યવહાર ઠપ્પ થયો છે. છેલ્લા 24 કલાકમાં તિલકવાડા અને ગરૂડેશ્વરમાં પણ 29 મીમી વરસાદ પડ્યો છે.

બીજી તરફ, સુરત જિલ્લાના માંડવી અને તાપીના સોનગઢમાં પણ બુધવારે સવારે ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. આ વરસાદને કારણે છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગરમી અને ઉકળાટ સહન કરી રહેલા લોકોને મોટી રાહત મળી છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ચોમાસાના વિધિવત આગમનથી ખેડૂતોમાં હર્ષની લાગણી ફેલાઈ છે અને તેઓ ખેતીકામમાં જોતરાઈ ગયા છે.

### દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનું...

વાવણી માટે જરૂરી વરસાદની અપેક્ષા વચ્ચે ચોમાસાની એન્ટ્રી કૃષિ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે. જેના કારણે ગરમી અને ઉકળાટમાંથી પણ લોકોને રાહત મળવાની આશા છે.

### CA ઇન્ટરમીડિયેટમાં...

વિદ્યાર્થીઓએ મેળવ્યો ઓલ ઈન્ડિયા રેન્ક મેળવ્યો છે. સુરત ચેપ્ટરના ચેરમેન સીએ રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે સુરતમાંથી 844 વિદ્યાર્થીઓએ ઇન્ટરમીડિયેટના બંને ગ્રુપની પરીક્ષા આપી હતી, જેમાંથી 97 વિદ્યાર્થીઓ બંને ગ્રુપમાં સફળ થયા છે. ઉપરાંત 38 વિદ્યાર્થીઓ માત્ર ગ્રુપ-1 અને 34 વિદ્યાર્થીઓ માત્ર ગ્રુપ-2માં પાસ થયા છે. માત્ર ગ્રુપ-1ની પરીક્ષા આપનારા 947 વિદ્યાર્થીઓમાંથી 122 વિદ્યાર્થીઓ સફળ રહ્યા હતા, જ્યારે માત્ર ગ્રુપ-2ની પરીક્ષા આપનારા 570 વિદ્યાર્થીઓમાંથી 127 વિદ્યાર્થીઓએ સફળતા મેળવી હતી. વેસુ સ્થિત પેનોરામિક એજ્યુકેશનના છ વિદ્યાર્થીઓએ સીએ ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં ઓલ ઈન્ડિયા ટોપ-50માં સ્થાન મેળવ્યું છે. 600 ગુણની પરીક્ષામાં શાશ્વત ગુપ્તાએ 448 ગુણ સાથે દેશભરમાં 37મો ક્રમ મેળવ્યો હતો. આ સાથે જ ઘોડદોડ રોડ સ્થિત RCI Institute ના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરનારા ત્રણ વિદ્યાર્થીઓએ સીએ ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં ઓલ ઈન્ડિયા ટોપ-50માં સ્થાન મેળવ્યું છે.

### કતાર બ્લાસ્ટ :...

તેમના મૃતદેહની ઓળખ થતા તેમના મોતની પુષ્ટિ થઈ છે. સનીના ભાઈ રવિએ મૃતદેહની ઓળખ કરી છે. એકાદ બે દિવસમાં તેમનો મૃતદેહ ભારત લાવવામાં આવશે.

### મકાનને પાકું...

માતા અને પત્નીઓ માટે આ ઘર પાકું બનાવવું જ છે.' આ સપનાને પૂરું કરવા માટે જ બંને ભાઈઓ ભારે હૈયે કતાર ગયા હતા સની તો હજી માત્ર સાત મહિના પહેલાં જ ગયો હતો. મકાનની દીવાલો ચણાવવાનું શરૂ તો થયું, પણ કોને ખબર હતી કે જે ઘરને પાકું કરવા સની ગયો હતો, એ જ ઘરના આંગણે તેનો પાર્થિવ દેહ આવશે. ઘર તો પાકું બની જશે, પણ તેમાં ખુશીઓ વહેંચનારો સની ક્યારેય પાછો નહીં ફરે.

### 15 વર્ષમાં...

ઘરની આખી આર્થિક જવાબદારી સની અને રવિ પર આવી પડી. પુરુષ સભ્યો વિદેશ હોવાથી ડુમસના આ ઘરમાં માત્ર સનીની વૃદ્ધ માતા, તેના મોટાભાઈની પત્ની અને સનીની પત્ની પિંકલબેન અને એક ચાર વર્ષનો દીકરો જ રહે છે. વિસ્ફોટના સમાચાર આવ્યા ત્યારથી આ આખું ઘર પુરુષ વિહોણું ભાસી રહ્યું છે. કમાવા ગયેલા બે ભાઈઓમાંથી એકનો સાથ હંમેશ માટે છૂટી ગયો છે અને ઘરમાં હવે માત્ર આક્રંદ, સિસકારા અને ભવિષ્યની ઘેરી ચિંતા વચ્ચે ત્રણ મહિલાઓ એકલી પડી ગઈ છે.

### કપિલ શર્માના...

નહીં, આરોપીઓએ પોતાની કંપનીનો જીએસટી નંબર બ્લોક હોવા છતાં ખોટા ઈનવોઇસ બિલ બનાવી આપ્યા હતા. લાંબો સમય વીતવા છતાં શો ન યોજાતા વેપારીએ નાણાંની ઉઘરાણી શરૂ કરી હતી અને પોલીસમાં અરજી આપી હતી. જેથી ગભરાયેલા મુંબઈના ડિરેક્ટરોએ સિક્યુરિટી તરીકે ચેક આપ્યા હતા જે રિટર્ન થયા હતા. બાકી નીકળતા રૂપિયા આપવાને બદલે મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### શ્રીલંકા સામે...

કરી હતી તેનું ફળ તેને મળી રહ્યું છે. અમે જે કંઇ પ્લાનિંગ કર્યું હતું તેને તે મેદાન પર સારી રીતે અમલમાં મૂકી રહી છે અને તેનું આ પરિણામ છે. મૈત્રીના પિતા સંદીપ ભાઈએ ચેન્નાઈથી ફોન પર જણાવ્યું હતું કે મૈત્રીનું પ્રદર્શન ઘણું સારુ રહ્યું છે. તેણે શ્રીલંકા તરફથી આક્રમક બેટિંગ કરનારી વિમોક્ષ બાલાસુરિયાની વિકેટ ઝડપી તે મેચમાં ટર્નિંગ પોઈન્ટ રહી હતી. તેમણે કહ્યું હતું કે હું અને મૈત્રીની માતા અને તેના કોચ કાંતિ સર મેચ માટે અહીં ચેન્નાઈ ખાસ આવ્યા છીએ

પ્રથમ બેટિંગ કરતા ભારતની શરૂઆત ખરાબ રહી હતી, અને બીજી ઓવરમાં જ દીક્ષા કત્રાગડ્ડા શૂન્ય રને આઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ તનિષ્કા શર્માએ એક સંયમિત ઈનિંગ રમીને 56 બોલમાં આઠ ચોગ્ગાની મદદથી 58 રન બનાવ્યા હતા. તનિષ્કાએ ઈરા જાધવ (21 બોલમાં 26 રન) સાથે બીજી વિકેટ માટે 57 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. કુમારી પલક 18 બોલમાં 21 અને કાશ્વી કાંડીકુપ્પાએ 12 રન બનાવીને ટીમને 20 ઓવરમાં છ વિકેટે 134 રન સુધી પહોંચાડી દીધી.

લક્ષ્યાંક આંબવા મેદાને ઉતરેલી શ્રીલંકાની ટીમ મૈત્રી (3/26) અને જાહ્નવી (3/14) ની બોલિંગ સામે ખુલીને રમી શકી નહોતી અને તેના કારણે તેઓ 20 ઓવરમાં આઠ વિકેટે 123 રન સુધી સિમિત રહ્યા હતા. શ્રીલંકા તરફથી વિમોક્ષ બાલાસુરિયાએ 52 બોલમાં આઠ ચોગ્ગાની મદદથી 61 રનની શાનદાર ઈનિંગ રમી. મૈત્રીએ તેને આઉટ કર્યા પછી શ્રીલંકાની ટીમ દબાણમાં આવી હતી અને તેઓ લક્ષ્ય સુધી પહોંચી શક્યા નહોતા.


**ગુજરાત સરકાર**

**જળસંપત્તિ વિભાગ,**

**નિવિદા નં.૦૨, સને ૨૦૨૬-૨૭**

પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ દ્વારા ચેકડેમ/ચેકડેમ કમ કોઝવે, સામુહિક કુવા, પૂર સંરક્ષણ દિવાલના કુલ -૩૧ કામો, જેની અંદાજીત કિંમત રૂ. ૪.૧૩ લાખથી રૂ. ૩૨.૨૩ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો તા.૨૫/૦૬/૨૦૨૬ થી ઓનલાઇન જોઇ શકાશે.

| | |
|---|---|
| ૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ:૧૫/૦૭/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી. |
| ૨. ફિઝીકલ ડોકયુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ | તારીખ-૨૩/૦૭/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ. ડી. /કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં ડોકયુમેન્ટસ મોકલવાના રહેશે.) |
| ૩. ઓનલાઇન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ | તારીખ:૨૪/૦૭/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ, (ફોન નં.૦૨૬૩૨ - ૨૪૪૩૧૪) |

આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ www.nprocure.com ઉપર જોવા મળશે

કાર્યપાલક ઇજનેર
પંચાયત સિંચાઇ વિભાગ
જિલ્લા પંચાયત વલસાડ.

નં. માહિતી/વલસાડ/૨૦૭/૨૦૨૬



**પશ્ચિમ રેલ્વે ખાસ ટ્રેનોની ટ્રીપ લંબાવશે**

| ટ્રેન નંબર | મૂળ અને ગંતવ્ય સ્ટેશનો | સેવાના દિવસો | સુધી વિસ્તૃત |
|---|---|---|---|
| 09079 | મુંબઈ સેન્ટ્રલ - ઇન્દોર (દ્વિ-સાપ્તાહિક) | રવિવાર, મંગળવાર | ૨૮.૦૭.૨૦૨૬ |
| 09080 | ઇન્દોર - મુંબઈ સેન્ટ્રલ (દ્વિ-સાપ્તાહિક) | સોમવાર, બુધવાર | ૨૯.૦૭.૨૦૨૬ |
| 09151 | ઉધના - મધુબાની (દ્વિ-સાપ્તાહિક) | બુધવાર અને શુક્રવાર | ૩૧.૦૭.૨૦૨૬ |
| 09152 | મધુબની - ઉધઇ (દ્વિ-સાપ્તાહિક) | શુક્રવાર અને રવિવાર | ૦૨.૦૮.૨૦૨૬ |
| 09031 | ઉધના - હસનપુર રોડ (સાપ્તાહિક) | રવિવાર | ૨૬.૦૭.૨૦૨૬ |
| 09032 | હસનપુર રોડ - ઉધના (સાપ્તાહિક) | મંગળવાર | ૨૮.૦૭.૨૦૨૬ |
| 09025 | વલસાડ - દાનપુર (સાપ્તાહિક) | સોમવાર | ૨૭.૦૭.૨૦૨૬ |
| 09026 | દાનપુર - વલસાડ (સાપ્તાહિક) | મંગળવાર | ૨૮.૦૭.૨૦૨૬ |

સ્ટોપેજ, સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09079, 09080, 09151, 09031 અને 09025 ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ 25.06.2026 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**

wr.indianrailways.gov.in

અમને લાઇક અને ફોલો કરો

facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો